ગાંધીનગર સમાચાર

તા. ૧૭-૫-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### ભારતીય રાજકારણના 'થ્રી મસ્કેટિયર્સ'

ઍલેકઝાન્ડર ડૂમાના ત્રણ તિકડમબાજ કે મુનશી પ્રેમચંદના શતરંજના ખેલાડી ભારતના રાજકીય રંગપટ પર દરેક સમયગાળામાં નવાં નવાં મહોરાં પહેરી ખેલ પાડતા રહ્યા છે. બહુ જૂના જમાનાની ખણખોદમાં ન પડીએ અને નહેરુયુગ પછી શરૂ થયેલા ઈંદિરા પ્રિયદર્શીનીના એકચક્રી શાસનકાળથી જ કથાના શ્રીગણેશ કરીએ તો કટોકટી પછી સત્તામાં આવેલી જનતા પાર્ટીના ત્રણ બુઢિયા નજરે ચડશેઃ મોરારજી દેસાઈ, ચરણસિંહ અને બાબુ જગજીવનરામ. ત્રણેય એકમેકના કાન કાપે એવા હતા. ઈંદ્રાસન તો મળ્યું પણ ભોગવે કોણ? લોકનાયક જયપ્રકાશ નારાયણ ન્યાયાધીશના રોલમાં હતા. એમના હૈયે તો બિહારી દલિત નેતાનું નામ હતું. પણ ચૌધરી ચરણસિંહ એને ધોળે ધરમે સ્વીકારવા તૈયાર નહોતા એટલે હોઠ પર ગુજરાતી ગાંધીજન મોરારજી દેસાઈનું નામ આણવું પડેલું. પછી શું થયું તેનો ઈતિહાસ સર્વવિદિત છે. જનતા શાસનનું અઢી વરસમાં ઉઠમણું થઈ ગયું હતું. ઈંદ્રાસન સર્વગમાં જ હોય એવું રખે માની લેતા. વડાપ્રધાનપદ એ ભારતીય રાજકારણીઓ માટેનું ઈંદ્રાસન જ છે. જનતાશાસન પછી પ્રિયદર્શિની ઈંદિરાની બીજી ઈનિંગ્સ આરંભાઈ. એમની હયાતી હોય ત્યાં સુધી કોઈની મગદૂર છે કે ઈંદ્રાસન તરફ આંખ ઊંચી કરી જોવા સુધ્ધાંની હિંમત ન કરે? પરંતુ મનમાં ને મનમાં લાડવા વાળતા રહેલા 'થ્રી મસ્કેટિયર્સ' તે સમયે પણ હતા. પી.વી. નરસિંહરાવ, અર્જુનસિંહ અને પ્રણવ મુખર્જી : બધાની અંતિમ ઈચ્છા વડાપ્રધાન થવાની જ હતી. શરદરાવ પવારનો પનો ટૂંકો પડતો હતો, છતાં એમની મહત્વાંકાક્ષાં પણ એ જ પર પરમ પદ પામવાની હતી. એ પૈકી એકમાત્ર નરસિંહરાવએ સિદ્ધિ હાંસલ કરી શકયા. પ્રણવને વડાપ્રધાન પદ કરતાં પણ મોટી ખુરશી જરૂર મળી છતાં સર્વ સત્તાધીશ પ્રાઈમ મિનિસ્ટર બનવાની ઈચ્છા તો મનની મનમાં જ રહી ગઈ. એમણે નિખાલસ એકરાર કર્યો હતોઃ મને હિંદી બરાબર નથી આવડતું, એ મુદ્દો પણ નડ્યો! આ ભાષાનો મુદ્દો તો દેવગોવડાને પણ નડવો જોઈતો હતો. પરંતુ એમને લૉટરી લાગી, કિસ્મતમાં લખ્યું હોય તે સોનિયા ગાંધી પર મિથ્યા ન કરી શકેઃ જોઈ લો, સરદાર મનમોહનસિંહને લોકસભાની બેઠક જીતવાનાં ફાંફાં હોવા છતાં પૂરી બે ટર્મ લગી એમણે ખાધું પીધું ને રાજ કર્યું! હવે જે ખાતા નથી અને ખાવા દેતા નથી એવા આપણા લોકલાડીલા નેતા ઈંદ્રાસનનાં સપનાં સેવી રહ્યા છે. અત્યારે પણ પેલી તિકડી તો મેદાનમાં છે જ : ભાજપમાં એ તિકડીનાં મહોરાં પૈકી અધૂરી વાસના ધરાવતા અડવાણી, સ્વપ્નોનાં શાહજાદી સુષમા સ્વરાજ અને અલબત્ત એ બેઉ કરતાં ઘણી વધારે લોકપ્રિયતા હાંસલ કરી ચૂકેલા- સદીના નહીં તો છેવટે છેલ્લાં સવાદાયકાના મહાનાયક નરેન્દ્ર મોદી. પણ એમને વારંવાર ભગવી બિલાડીઓ આડી ઊતરતી રહી છે. જે જાહેર ફાઈનલ રમવાની છે એ પહેલાં પાર્ટીની અંદર જ કયારેક સુષમા તો કયારેક ઉમા ભારતી બિચારા બ્રહ્મચારી નેતાનું વસ્ત્રાહરણ કરતાં નિવેદનો ફટકાર્યે રાખે છે. છેલ્લે ઉમાભારતીએ સિકસર ફટકારી દીધીઃ ટોળાં ભેગાં કરનારને જ વડાપ્રધાન બનાવી દેવાય તે જરૂરી નથી!

# યુનિ. દ્વારા હજુ સુધીમાં પ્રવેશ નિયમો પણ જાહેર નથી કરાયા

## ધોરણ-૧૨નું પરીણામ જાહેર છતાં પણ સાયન્સ કોલેજોમાં પ્રવેશના કોઈ ઠેકાણા નથી : વિદ્યાર્થીઓમાં ભારે દુવિધા

અમદાવાદ, તા.૧૬

રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાસનું વિક્રમજનક પરીણામ જાહેર કરાયું છે. જેના પગલે ગતવર્ષની જેમ આ વર્ષેપણ સાયન્સ કોલેજોમાં એડમિશન માટે વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળે તેવી શક્યતા છે. તેમ છતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન સાયન્સ કોલેજોમાં પ્રવેશને લગતી એક પણ કાર્યવાહી કરવામાં આવી નથી. એટલું જ નહીં હજુ સુધી પ્રવેશ માટેના નિયમો પણ જાહેર કરવામાં આવ્યા નથી. જેને લઈ વિદ્યાર્થીઓએ છેલ્લી ઘડીએ અપડાતફડી જોવા મળે છે તેવી આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે આદેશપાલે ચાર્જ સંભાળ્યા પછી યુનિવર્સિટીનો વહીવટ ખાડે ગયો છે. તેનો વધુ એક દાખલો જોવા મળ્યો છે. જેમાં રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સાયન્સની પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. તેમ છતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયાને લગતી કોઈ કામગીરી કરવામાં આવી નથી. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અમદાવાદ શહેરીની સાત કોલેજો સહિત કુલ ૨૭ સાયન્સ કોલેજો આવેલી છે. જેમાં ૯૦૦૦ જેટલી બેન્કો બીએસસી માટે ઉપલબ્ધ છે. જેની સામે આ વર્ષે બોર્ડે ૯૨.૫૩ ટકા જેટલું જંગી પરીણામ જાહેર કર્યું છે. જેના કારણે ગત વર્ષની જેમ આ વર્ષે પણ સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની શક્યતા છે. છેલ્લા કેટલાક વર્ષથી વિદ્યાર્થીઓ ઈજનેરી કે મેડીકલ અભ્યાસક્રમોની સાથે સાથે પીએસસી કરવાનો પણ વિદ્યાર્થીઓમાં ટ્રેન્ડ વધ્યો છે. કારણ કે વધુ રૂપિયા ખર્ચીને ઈજનેર જ થયા બાદ નોકરીની તક ઓછી મળતી હોવાનું વિદ્યાર્થીઓ માનતા થયા છે. જ્યારે મેડીકલ અને ડેન્ટરલનું શિક્ષણ એટલું બધું જોવું હોય છે કે દરેક વિદ્યાર્થીઓને પરવડે તેમ હોતું નથી. આવી સ્થિતિમાં વિદ્યાર્થીઓ પાસે સાયન્સમાં ગ્રેજ્યુએટ થવાનો એકમાત્ર રસ્તો બાકી બચે છે. સાયન્સમાં ગ્રેજ્યુએટ થયા બાદ એમએસસી કરીને શિક્ષક તરીકે આસાનીથી નોકરી મેળવી શકાય છે. આ ઉપરાંત એમ.બી.એ. પણ કરી શકાય તેવી ગણતરીને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ બીએસસીના કોર્ષને વધુ મહત્વ આપતા થયા છે. એટલું જ નહીં આ વર્ષના ધોરણ-૧૨ સાયન્સમાં એવરેજ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર છે જે બે બીએસસીમાં એડમિશન લે તેવી શક્યતાઓ વ્યક્ત કરાઈ રહી છે. આવી સ્થિતિ હોવા છતાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા હજુ સુધી સાયન્સ કોલેજોમાં પ્રવેશની કોઈ કાર્યવાહી શરૂ કરાઈ નથી.

એટલું જ નહીં ફર્સ્ટ ઈયર બીએસસીમાં પ્રવેશ માટેના નિયમો પણ જાહેર કરાયા નથી. કોલેજોમાંથી ક્યારે પ્રવેશ ફોર્મ મળશે તેની તારીખો પણ જાહેર કરાઈ નથી. ઉલ્લેખનીય છે કે ગત વર્ષે ધોરણ-૧૨ સાયન્સનું નીચું પરીણામ હોવા છતાં સાયન્સ કોલેજોમાં વિદ્યાર્થીઓનો ઘસારો જોવા મળ્યો હતો. તેવામાં ચાલુ વર્ષ ઉંચા પરીણામ બાદ વિદ્યાર્થીઓ પ્રવેશથી વંચિત રહી જાય તો જવાબદારી કોની ? તે પ્રશ્ન ઉપસ્થિત થવા પામ્યો છે.

# શિષ્યવૃત્તિ ફાળવણી માટે એક જ બેંકની પસંદગીથી પરેશાન

અમદાવાદ, તા.૧૬

શાળાઓ-કોલેજોમાં અભ્યાસ કરતા એસસી, એસટી, ઓબીસી, ઈબીસી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ફાળવવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ છેલ્લા કેટલાક વર્ષોથી બેન્કના એકાઉન્ટમાં જ જમા કરાવવાનો નિર્ણય આપે છે. જોકે શિષ્યવૃત્તિ જમાં કરાવવા માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર એક જ બેંકની પસંદગી કરાઈ હોવાથી વિદ્યાર્થીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે જે તે વિસ્તારમાં જે રાષ્ટ્રીય કૃત બેન્કની શાખા આવેલી હોય તેમાં બેન્ક એકાઉન્ટ ખોલાવવાની મંજુરી આપવામાં આવે તેવી માંગ વિદ્યાર્થી આલમમાં ઉઠવા પામી છે.

રાજયમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, લઘુમતી સમાજના વિદ્યાર્થીઓને દર વર્ષે રાજ્ય સરકાર દ્વારા શિષ્યવૃત્તિ ફાળવવામાં આવે છે. આ શિષ્યવૃત્તિની રકમ અગાઉ હાથો હાથ શાળાઓમાં રોકડ સ્વરૂપે ચુકવવામાં આવતી હતી. જોકે છેલ્લા કેટલાક વર્ષોથી આ શિષ્યવૃત્તિ હાથો હાથ આપવાની જગ્યાએ સીધી વિદ્યાર્થીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવે છે. આ માટે કેન્દ્ર સરકારની સુચના મુજબ રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય કૃત બેંકમાં વિદ્યાર્થીઓના એકાઉન્ટ કોલાવવામાં આવ્યા છે. જોકે રાજ્ય સરકાર દ્વારા આ માટે વિદ્યાર્થીઓએ ફરજીયાત બેન્ક ઓફ ઈન્ડિયામાં જ બેન્ક એકાઉન્ટ ખોલાવવાની જાહેરાત કરાઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓએ અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

રાજ્યનાં દરેક તાલુકા મથકોએ બેન્ક ઓફ ઈન્ડિયાની શાલાઓ આવેલ નથી. જેથી વિદ્યાર્થીઓએ બેન્કમાં એકાઉન્ટ ખોલાવવા અને વ્યવહાર કરવા માટે ફરજીયાત જિલ્લા મથકોએ ધક્કા ખાવા પડે છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં બેન્ક ઓફ ઈન્ડિયાની માત્ર બે કે ત્રણ શાળાઓ હોવાથી તમામ વિદ્યાર્થીઓ એક સાથે બેન્કના ખાતા ખોલાવા માટે ઉમટી પડતા બેન્કમાં પડા પડી જોવા મળી રહ્યો છે. અને દુરથી ભાડું ખર્ચીને આવેલા વિદ્યાર્થીઓએ ધરમના ધક્કા ખાવાના વારા આવે છે. તેથી રાજ્ય સરકાર દ્વારા નજીકમાં શાળા હોય તેવી કોઈપણ રાષ્ટ્રીય કૃતે બેંકમાં ખાતુંખોલાવાની મંજુરી આપવામાં આવે તેવી વિદ્યાર્થીઓ માંગ કરી રહ્યા છે.



સાહેબ ખાત્રીથી કહું છું આ કેરી કાર્બાઈડ વાળી નથી જ... પરંતુ શંકા છે આ લોકોએ કેરી પકવવા આનાથી પણ વધુ ખતરનાક કેમીકલ શોધ્યું ન હોય કે જે બે પાંચ વર્ષ પકડાય જ નહીં...!!

# ડિપ્લોમાં ઈન હેન્ડલુમ ટેકનોલોજી કોર્ષમાં પ્રવેશ મેળવવાની તક

ગાંધીનગર, તા. ૧૬

ભારત સરકાર સંચાલીત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ હેન્ડલુમ ટેકનોલોજી જોધપુર રાજસ્થાન ખાતે જુલાઈ-૨૦૧૩થી ડિપ્લોમાં ઈન હેન્ડલુમ ટેકનોલોજી કોર્ષમાં જોડાવા માટે ઉમેદવારો પાસેથી તા. ૧૫મી જૂન સુધીમાં અરજી મંગાવવામાં આવી છે.

ત્રણ વર્ષના ડિપ્લોમાં ઈન હેન્ડલુમ ટેકનોલોજી કોર્ષના પ્રથમ વર્ષમાં દાખલ થવા ઈચ્છતા તથા અંગ્રેજી વિષય સાથે બોર્ડની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. ઉમેદવાર ધો. ૧૦ અંગ્રેજી વિષય સાથે પાસ હોવો જોઈએ. અનુસૂચિત જાતિ, અનુ. જનજાતિના ઉમેદવારો માટે ૫ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. ઉમેદવારની વય મર્યાદા તા. ૧ જુલાઈ ૨૦૧૩ના રોજ ૧૫થી ૨૧ વર્ષ હોવી જોઈએ. તથા અનુ. જાતિ અને અનુ. જનજાતિના ઉમેદવારો માટે ૧૫થી ૨૩ વર્ષની હોવી જોઈએ.

ત્રણ વર્ષના કોર્ષ માટે પસંદ થયેલ ઉમેદવારને તેની નિયમિતતા અને કામગીરી ધ્યાને લઈ પ્રથમ વર્ષે રૂ. ૪૦૦, બીજા વર્ષે રૂ. ૪૫૦ અને ત્રીજા વર્ષે ૪૦૦ લેખે માસિક શિષ્યવૃત્તિ સંસ્થા તરફથી ચૂકવવામાં આવશે. પસંદગી પામેલ ઉમેદવારે સ્ટાઈપેન્ડ બોન્ડ આપવાનું રહેશે. રૂબરૂ પસંદગી માટે બોલાવવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે. ઉમેદવારોએ સાદા અરજી પત્રકમાં જરૂરી પ્રમાણપત્રોની નકલો સાથે કમિશનર, કુટિર અને ગ્રામોદ્યોગ, બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, ઘ-૪, સેક્ટર-૧૧ ગાંધીનગરની કચેરીને ૧૫મી જૂન સુધી મળી જાય તે રીતે અરજી મોકલી આપવાની રહેશે. અરજી કરનાર ઉમેદવારે પોતાનો મોબાઈલ નંબર અવશ્ય લખવાનો રહેશે.

## પી.એમ. પટેલ સાર્વજનિક વિદ્યાલય ચંદ્રાલાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા મુકામે આવેલ પી.એમ. પટેલ સાર્વજનિક વિદ્યાલયનું ધોરણ-૧૨ સાયન્સનું વર્ષ-૨૦૧૨-૧૩નું પરિણામ ૧૦૦ ટકા આવતા શાળા પરિવારે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

શાળાના ધો. ૧૨ સાયન્સના વિદ્યાર્થી રાજકુમાર મકવાણાએ ૯૫.૭૬, જાનુબેન પટેલે ૯૦.૧૫ અને સમીરકુમાર યાદવે ૮૬.૫૫ પર્સન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર હાંસલ કર્યો છે. શાળાની આ પ્રસંશનીય સિદ્ધિ બદલ સમસ્ત કર્મચારીગણ તેમજ ૪૨/૮૪ કડવા પાટીદાર સમાજે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.

# ખુશાલભાઇ રાજય સરકારની સ્પર્ધાઓ, યુવક મહોત્સવ વિ. માં ગાયન, વાદન વિ. સ્પર્ધામાં વર્ષોથી નિર્ણાયક તરીકે પણ સેવાઓ આપે છે

ભારતીય સંગીતનું ખુબ પ્રચલિત તાલ વાદ્ય એટલે તબલા. તબલા વાદન એક અનોખી કળા છે. તેમાં પારંગત થવા ધીરજપૂર્વક સાધના કરવી પડે. એક તબલા વાદક તબલા કેટલી સરળતાથી વગાડી શકે છે? તેની એક થાપ કિંમતી હોય છે અને સમગ્ર સંગીતને તે તાલમાં લાવી દે છે. તબલાની થાય દ્વારા રેલાતા સુરોમાં આખોય માહોલ સંગીતમય બની જાય છે. આવા જ આપણાં ગાંધીનગરના તબલા મેસ્ટ્રો ખુશાલભાઇ પુરાણી, 'મામુ' ના લાડકડા નામથી જેઓ લોકપ્રિય છે, તેમનો પરિચય મેળવીએ.

તા. ૧૧-૮-૧૯૩૮ માં અમદાવાદ ખાતે જન્મેલા ખુશાલભાઇના પિતાશ્રી મફ્લલાલ પુરાણી જાણીતા ભજનિક હતા. કુદરતે બુલંદ કંઠની એમને બક્ષિસ કરી હતી. લોકઢાળ ઉપરાંત શાસ્ત્રીય રાગો પર આધારિત ભજનોનાં કાર્યક્રમો આપતાં. ખુશાલભાઇના માતા પણ સંગીત ચાહક હતા.

પિતાજીનો સંગીતનો વારસો પુત્ર ખુશાલભાઇની રગ રગમાં પ્રસર્યો, અને ૧૯૫૬ થી તબલાનું જ્ઞાન મેળવવા ગુરૂ ઓચ્છવલાલ શાહ અને ગુરૂ બિંદુ માધવ તેંડુલકર પાસેથી અમદાવાદમાં તાલીમ લેવાનું શરૂ કર્યું. અને ખુશાલભાઇ તબલા, ઢોલક, નાળ, ઢોલ વિ. વિવિધ તાલવાદ્યો વગાડતા શીખ્યા, અને વર્ષો સુધી રિયાજ કરતા રહ્યા.

૧૯૬૨થી ખુશાલભાની સંગીત યાત્રા શરૂ થઇ. સૌ પ્રથમ ખુબ જાણીતું નાટક 'પાતાળ પાણી' માં સંગીત ક્ષેત્રે સ્વ. ઇસ્માઇલ વાલેરા જેવા ઘેઘુર કંઠી ગાયક



સાથેની શરૂઆત થઇ. અને એ પછી ખુશાલભાઇની તબલા તાલે સંગીત સફર આગળ વધતી ગઇ.

૧૯૭૦ થી સરકારી નોકરી મળતા તેઓ ગાંધીનગર સ્થાયી થયા. ગાંધીનગરમાં એ સમયે યોજાતી બેઠકોમાં રીધમીસ્ટ તરીકે ખુશાલભાઇ જવા લાગ્યા. જાણીતા ગાયક અને સ્વરકાર મુનીકુમાર દેસાઇ, લચ્છુરામ - કિશનબાઇ બોરા વિ. સાથે સંગત ખુશાલભાઇ કરતા. ૧૯૭૨માં સ્થયાલેલ સંસ્થા 'શિવંરજની'ના કાર્યક્રમમાં પણ ખુશાલભાઇના તબલાનો જાદુ છવાઇ જતો.

૧૯૭૪માં ખુશાલભાઇની ભારત સરકારના સ્પેસ એપ્લીકેશન સેન્ટર (ઇશરો) માં કલાકાર પેનલ (રીધમ) પર નિયુક્તિ થઇ. સુગમ સંગીત, લોક સંગીત, શાસ્ત્રીય સંગીત, નાટકો, લોકનૃત્યો વિ. માં સુપેરે રીધમ આપતા ખુશાલભાઇની નિમણૂંકથી ગાંધીનગરને ગૌરવ મળ્યું હતું.

પછી તો ખુશાલભાઇ આકાશવાણી અને દૂરદર્શનના રેકોર્ડીંગમાં પણ રીધમ સંગત કરવા લાગ્યા અને 'શ્રેષ્ઠ તબલચી' તરીકેનું માન મેળવવા લાગ્યા.

૧૯૭૫થી ગાંધીનગરના તમામ નાના-મોટા કલાકારો સાથે સુગમ સંગીત હોય કે લોકસંગીત, સંગત તો ખુશાલભાઇની જ હોય! પુષ્પાબેન દુધરેજિયા, સવિતાબેન પરમાર, ગોવિંદ ગઢવી, શિવરામ શ્રીમાળી, ભીખુદાન ગઢવી વિ. કલાકારો સાથે ખુશાલભાઇએ સંગત કરી છે. તેમના તબલાની થાપીઓ લોકોને 'વાહ ઉસ્તાદ વાહ' બોલવા મજબૂર કરી દેતા!

કલાકારો એટલે સરસ્વતી દેવીના માનીતા સંતાનો. આવા કલાકાર ખુશાલભાઇએ ભાગવતકથાઓમાં પણ સંગત કરવાનું શરૂ કર્યું. અનેક જાણીતા અને નામાંકીત કલાકારો સાથે તબલા/ઢોલકથી સંગત

## કૈફિયત કલા સાધનાની

**આશા સરવૈયા**

કરી. પુ. યોગેશ શાસ્ત્રીની કથામાં કરેલ કાર્યક્રમોમાં આજે પણ શ્રોતાઓ યાદ કરે છે.


આ અરસામાં ગાંધીનગરમાં સેકટરોમાં ચોકઠામાં નવરાત્રીની ઊજવણી થતી. ખેલૈયાઓનું ઘોડાપુર ઉમટતું. ગરબાનો શ્વાસ એટલે 'ઢોલ.' મોહન ડાભીના ગ્રુપમાં રીધમ સંગત ખુશાલભાઇ કરતા. પ્રતિ નવરાત્રી પર્વની રાત્રીઓમાં સોળે કળાએ ખીલતા ગરબા ખુશાલભાઇની (ઢોલ) રીધમ પર વહેલી પરોઢ સુધી ચાલતા.તબલાની થાપે દોડતાં ઘોડા અને વહેલી નદીના સુરો રેલાવીને અનોખી ધ્વનિની અનુભૂતિ કરાવતા. સેક્ટર-૨૦, ૧૭, ૨૨ અને ૨૮ માં થતી નવરાત્રી 'મામુ'ના તાલે માણવાનો લ્હાવો અદ્‌ભૂત હતો.

ખુશાલભાઇએ અખિલ ભારત મુલ્કી સેવાની સંગીત સ્પર્ધાઓમાં પણ ગુજરાત તરફથી અનેકવાર પ્રતિનિધિત્વ કરી વર્ષ ૧૯૯૦ અને ૧૯૯૨માં દિલ્હી ખાતે અને ૧૯૯૩-૯૪માં ભોપાલ ખાતે રીધમ ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું.

ગાંધીનગરની જાણીતી સંસ્થા સુરમધુર કલાવૃંદમાં વર્ષો સુધી મામુએ રીધમ પીરસ્યું છે. માહિતી ખાતું, ગુજરાત રાજય યુવકસેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના ઉપક્રમે 'ગુજરાત ઉત્સવ' માં રજૂ થયેલ સુરમધુરના લોકનૃત્યોમાં ખુશાલભાઇની રીધમથી જમાવટ થઇ ગઇ હતી. (ન્યુ દિલ્હી) ઉપરાંત સુરમધુર સંસ્થામાંથી ૧૯૯૯ - દિલ્હી, કોઇમ્બતુર, કોચીન, સેલમ વિ. જગ્યાએ યોજાયેલ કાર્યક્રમોમાં રીધમ પર સંગત કરી ખુશાલભાઇએ નામના મેળવી હતી.

માહિતી ખાતા ઉપરાંત યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના ઉપક્રમે તામિલનાડુ, કેરાલા, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, પોંડીચેરી, રાજસ્થાન, ગોવા, મહારાષ્ટ્ર જેવા આપણા દેશનાં અનેક રાજયોમાં લોકનૃત્યોનાં કાર્યક્રમમાં પોતાની કલા દ્વારા (રીધમ સંગત) ગુજરાતનું નામ રોશન કર્યું હતું.

ગાંધીનગરમાં ખુશાલભાઇએ અનેક ગ્રુપો સાથે સંગત કરી છે. જેમાં જાણીતી સંસ્થા 'રંગોલી', ઉદયભાઇ - પ્રફુલ્લાબેન શુક્લના ગ્રુપમાં (દસેક વર્ષ સુધી), રમઝટ કલાવૃંદ વિ. મુખ્ય છે.



રમઝટ કલાવૃંદમાંથી ૨૦૦૩માં પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર, ઉદેપુર ખાતે રજૂ થયેલ કાર્યક્રમમાં ઉચ્ચ કક્ષાના વાદનથી સંગત કરીને 'બેસ્ટ રીધમ પ્લેયર'નું સન્માન ખુશાલભાઇએ મેળવ્યું હતું. વળી ૨૦૦૬માં રમઝટ વૃંદના પશ્ચિમ બંગાળમાં યોજાયેલ ગરબા, રાસ, લોકનૃત્યોના કાર્યક્રમોમાં વાદ્ય સાઇડના મુખ્ય વાદક તરીકે બંગાળવાસીઓનાં મન મોહી લીધા હતા.

૨૦૦૫-૦૬માં શાસ્ત્રીય વાદ્ય વાહન ક્ષેત્રે ગૌરવપૂર્ણ પ્રદાન બદલ 'અવસર કલા મંદિર' દ્વારા અને ૨૦૧૦માં 'રમઝટ કલા મંદિર' દ્વારા ખુશાલભાઇ પુરાણીનું સન્માન કરવામાં આવ્યું હતું.

ખુશાલભાઇ રાજય સરકારની સ્પર્ધાઓ, યુવક મહોત્સવ વિ. માં ગાયન, વાદન વિ. સ્પર્ધામાં વર્ષોથી નિર્ણાયક તરીકે પણ સેવાઓ આપે છે.

ખુશાલભાઇના નાનાભાઇ દિનેશ પુરાણી પણ એક અચ્છા તબલા વાદક તથા સુગમ સંગીતના નિષ્ણાત છે. દિનેશભાઇએ ગાયન સ્પર્ધામાં કલ્યાણજી - આનંદજી તરફથી વિજય ટ્રોફી મેળવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે મનહર ઉદાસે પણ તે સ્પર્ધામાં ભાગ લીધો હતો. અમદાવાદ ખાતે આજે પણ દિનેશભાઇના વર્ગો ચાલે છે.

ખુશાલભાઇના પત્ની ધનુબેન પુરાણી (નિવૃત્ત શિક્ષિકા) તથા ત્રણ પુત્રીઓ અને એક પુત્રનો ખુશાલભાઇની સંગીત યાત્રામાં ભરપુર સહકાર રહ્યો છે.

નિવૃત્ત જીવન ગાળતાં ખુશાલભાઇ હાલમાં જલારામ મંદિર ખાતે છેલ્લા દસ વર્ષથી યોજાતાં કાર્યક્રમો, ભજનો, સત્સંગમાં ભાવથી સંગત કરે છે. દર ગુરૂવાર અને શનિવારે જલારામ મંદિરમાં યોગેશભાઇ દક્ષિણી, નંદકિશોર ખોપકર વિ. કલાકારો શાસ્ત્રીય રાગ આધારિત ભજનો અને ધૂનોની ધૂણી ધખાવે અને એમાં સંગત કરવાનો ખુશાલભાઇને અનેરો આનંદ આવે છે.

ખુશાલભાઇ પુરાણી, 'મામુ'ની જીવન સફર ભક્તિમય, સંગીતમય અને તાલમય બની રહો એવી અઢળક શુભેચ્છાઓ સહ...

**ખુશાલભાઇએ અખિલ ભારત મુલ્કી સેવાની સંગીત સ્પર્ધાઓમાં પણ ગુજરાત તરફથી અનેકવાર પ્રતિનિધિત્વ કરી વર્ષ ૧૯૯૦ અને ૧૯૯૨માં દિલ્હી ખાતે અને ૧૯૯૩-૯૪માં ભોપાલ ખાતે રીધમ ક્ષેત્રે એવોર્ડ પ્રાપ્ત કરી ગુજરાતને ગૌરવ અપાવ્યું હતું**